# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-10-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------
--

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VICHARTI JATI SAMMELAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વિચરતી અને વિમુક્ત જાતિના લોકોની મદદ કરવા સરકાર હંમેશા તૈયાર છે. દરમિયાન તેમણે દરેક બાળકને શિક્ષણ આપવા, મહિલાઓને આત્મનિર્ભર બનાવવા લોકોને અપીલ કરી.

આજે અમદાવાદમાં યોજાયેલા વિચરતી–વિમુક્ત જાતિઓના રાજ્ય સ્તરના મહાસંમેલનને સંબોધતા શ્રી પટેલે કહ્યું, છેવાડાનો માનવી મુખ્ય પ્રવાહમાં આવશે અને સાથે મળીને કામ થશે તો જ વિકસિત ભારતનો સંકલ્પ પૂર્ણ થશે. શ્રી પટેલે દરેક લોકોને સ્વદેશી ચીજ-વસ્તુઓનો જ ઉપયોગ કરવા પણ અપીલ કરી.

**(BYTE: CM BHUPENDRA PATEL)**

. . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી આઠ તારીખે દેવભૂમિદ્વારકા, જામનગર, પોરબંદર, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં તથા નવ તારીખે વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે માછીમારોને સાત તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

દરમિયાન રાજ્યમાં વરસાદની વિદાય વચ્ચે આજે બપોરે 12 વાગ્યા સુધીમાં માત્ર છ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. બીજી તરફ, અરવલ્લીના વાતાવરણમાં પલટો આવતા મોડાસા સહિત અન્ય વિસ્તારમાં વરસાદી ઝાપટાં પડ્યા છે. તેના કારણે ખેડૂતોને મગફળી, સોયાબિન જેવા પાકને નુકસાન થવાની ચિંતા છે.

અમરેલીના અરબી સમુદ્રમાં ઉદભવેલી વાવાઝોડાની સ્થિતિને પગલે માછીમારોને કાંઠે પરત આવી જવા સૂચના અપાઈ છે. તેવામાં જાફરાબાદ પંથકની 700 જેટલી હોડીમાંથી 100 જેટલી હોડી પરત આવી છે. આ સાથે જ નવી સૂચના ન મળે ત્યાં સુધી માછીમારોને દરિયામાં જવાના ટોકન આપવાનું બંધ કરાયું છે. તો જાફરાબાદ બંદર ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું છે.

રાજકોટમાં લોધિકા પાસેનો **ન્યારી-એક બંધ 90 ટકા અને ગોંડલ તાલુકાનો ભાદર બંધ 100 ટકા ભરાતાં લોકોને નદીના પટમાં ન જવા સૂચના અપાઇ છે.**

. . . . . . . . . . .

# GIRNAR ROPE WAY

જુનાગઢમાં ગિરનાર ઉડનખટોલા એટલે કે રોપ-વે સાતથી નવ ઑક્ટોબર સુધી બંધ રહેશે. અમારા પ્રતિનિધિ સંજીવ મહેતા જણાવે છે, સમારકામને લઈ આ કામગીરી બંધ રહેશે. જ્યારે 10 ઑક્ટોબરથી રોપ-વે સેવા ફરી શરૂ થશે તેમ ગિરનાર રોપ-વે મેનેજરની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

# ARVALLI VIKAS KARYO

અરવલ્લીની મોડાસા નગરપાલિકામાં છ જેટલા ગામને સમાવાતા વિકાસકાર્યો માટે 200 કરોડ રૂપિયાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. નગરપાલિકા ખાતે પ્રમુખ નીરજ શેઠની અધ્યક્ષતામાં યોજાયેલી સામાન્ય સભામાં ભૂગર્ભ ગટર, રસ્તા, પાણી, માર્ગની લાઈટ જેવી સુવિધા પહોંચાડવા માટે સરકારમાં દરખાસ્ત કરવાનો નિર્ણય લેવાયો છે.

(BYTE: NIRAJ SHETH, PRAMUKH, MODASA NAGARPALIKA)

. . . . . . . . . . .

# RAJKOT TRAIN CANCEL

વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેન ટૅક્નિકલ કારણોસર આજે રદ રહેશે.

. . . . . . . . . . . . .

# GIR SOMNATH RAID

ગીર સોમનાથમાં જિલ્લાકક્ષાની બાળ શ્રમયોગી નાબૂદી અંગેની કાર્યદળ સમિતિએ વિવિધ સ્થળ પર દરોડા પાડી બાળમજૂરીને પ્રોત્સાહન આપતા એકમ સામે કાર્યવાહી હાથ ધરી. દરમિયાન વેરાવળમાં પાંચ તરૂણ શ્રમયોગી કામ કરતા હોવાનું જણાતા સંસ્થાના માલિકોને નિયમ ભંગ બદલની નોટિસ અપાઈ. ત્યારબાદ તેમની સામે અદાલતમાં કેસ દાખલ કરવાની પણ કાર્યવાહી હાથ ધરાઈ છે.

. . . . . . . . . . .